વર્ષ : 11, અંક : 10, પૃષ્ઠ : 16, કિંમત : રૂ. 5

# મંગલ નવકાર


## Two Different Mind Set

**"महतां सिद्धिः सत्त्वे नोपकरणे"**

**સિદ્ધિ મળે છે સુદૃઢ સંકલ્પ શક્તિથી**
**ભલે કમજોર હોય સાધન શક્તિથી**

INTENSE PURITY IS MORE
IMPORTANT THAN INSTRUMENT





01. પૂ. સાગરજી મ. તથા પૂ. ધર્મસાગરજી મ. માતા મણિબહેન સાથે દીક્ષા અંગે ની ચર્ચા કરી રહયા છે. | 02. બાલ અમૃત પ્રભુ વીરના પંથે જવા માટે ઉત્સુક થઇ રહયો છે.
03. પૂ. સાગરજી મ. ના વરદ હસ્તે શંખેશ્વર તીર્થમાં દેરાસરના ગળારામાં બાલ અમૃતની છાની દીક્ષા...

મહામંગલનું દ્વાર
# મંગલ નવકાર માસિક
વર્ષ : 11, અંક : 10, પૃષ્ઠ : 16, કિંમત : રૂ. 5

## આત્મીય વાચક-પરિવાર!

સમાપન પામતાં વરસનો આભાર સાથે સ્વીકાર...
આગમન થતા વરસનો આદર સાથે આવકાર...
શુદ્ધિ ના સંકલ્પ સાથે સંકલ્પની શુદ્ધિ સાથે
જીવનનો કરીયે સત્કાર અને સાક્ષાત્કાર...

2550 વર્ષ પૂર્વ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી મુક્તિને પામ્યા આજે 2550 વરસ પછી આપણે શ્રમણ ભગવાન્ મહાવીર દ્વારા પ્રસ્થાપિત, પ્રબોધિત, પ્રકાશિત મુક્તિ માર્ગ પામ્યા છીએ... આ આપણુ સર્વશ્રેષ્ઠ અહોભાગ્ય છે... એનો અહોભાવ સહુને પલાળતો રહે અને પ્રેરતો રહે ! પ્રભુ મહાવીર ની સાથે ઐક્ય-અભેદ-તદાકાર થવા માટે... પ્રભુ નું નામ આપણો જીવનમંત્ર છે...

પ્રભુનો દેહ આપણુ જીવન નેત્ર છે...
પ્રભુ નુ જીવન આપણા સહુનું આલંબન છે...
પ્રભુ નુ પ્રવચન આપણા સહુનો આધાર છે...
પ્રભુ મહાવીર આપણુ સર્વસ્વ છે...

આપણો સમય તો જ સુધરશે... જો આપણે સહુ પ્રભુના સમય (સિધ્ધાન્તને) અનુસરસું... તો આ પૃથ્વી પર જીવવા લાયક રહીશું... આ પૃથ્વી ને જીવવા લાયક રાખીશું... પ્રભુ મહાવીર થી વિપરીત દિશામાં જેટલા જલ્દી આંખ મીંચી દોડતા રહીશુ એટલો જ વિનાશ શીઘ્રતાએ થશે... થોડા ધીમા રહીશું તો બચશું ને કોઇ બચાવશે...

કવિકુલોત્તમ શાસન દિવાકર શ્રી સિદ્ધસેન દિવાકરજી સ્પષ્ટ પણે ફરમાવે છે...

**"उन्मार्गयायिषु हि शीघ्रगतिर्य एव ।**
**नशयत्यसौ लघुतरः न मृदु प्रयातः ।।"**

પ્રભુના જીવન અને પ્રવચનથી વિપરીત દિશામાં દશામાં દૃષ્ટિમાં જેટલા જલ્દી ભાગીએ છે એટલો જ જલ્દી વિનાશ થવાનો છે.

પ્રભુનો સમય કહે છે...

**"अप्पा कत्ता विकत्ता य"**

આપણે જ આપણા સુખ-દુઃખના જવાબદાર છીએ...

પ્રભુનો સમય કહે છે.

**"समयं गोयम ! मा पमायए"**

એક પણ ક્ષણને બેભાન થઇ ને જીવીશ નહિ
બેપરવાહ થઇ ને ચૂકીશ નહિ...

સમય જાય છે પણ સમય સમજાય તો સાર્થક... સમય ને શુધ્ધિ સાથે જીવવાનો સંકલ્પ કરીએ. સંકલ્પમાં પ્રભુના સમયની શુદ્ધિ ને અનુભવવાની પ્રાર્થના... નહિ તો સમય ક્યા સરી જશે... ખબર નહિ પડે...

**जाने कैसे पंख लगाकर पल-पल उडता जाता है**
**वक्त तो है आवारा पंछी कहां पकड़ में आता है**

દરેક સમય ને પ્રભુના સમય (સિધ્ધાન્ત) સાથેજીવીએ.

સંપાદક પરિવાર

પ્રેરણા
**બંધુ બેલડી પ.પૂ.આ.**
**શ્રી જિનચન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.**

લેખક
**બંધુ બેલડી પ.પૂ.આ.**
**શ્રી હેમચન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.**

લવાજમ ભરવા માટે
**જસવંતભાઇ શાહ**
1350, ખીજડાવાળો વાસ,
મીઠાખળીગામ, એલિસબ્રિજ,
અમદાવાદ - મો. 9429524113

**અયોધ્યાપુરમ્ તીર્થ**
નવાગામ ઢાલ, તા. વલભીપુર,
જિ. ભાવનગર (સૌરાષ્ટ્ર)

**આજીવન સદસ્યના**
રૂ. 1000 આજે નક્કી કરી લો
આગમોદ્ધારક પ્રતિષ્ઠાન
નામનો રૂ. 1000 ચેક લખવો.

**: CREATION :**
AYODHYAPURAM art
9424898657

VISIT US : ayodhyapuramtirth | 9424898657 | www.bandhubeldi.com | સંવાદ - જનસંપર્ક કાર્યાલય

# આપણા દાદા ગુરુદેવ 25

આ. શ્રી હેમચન્દ્રસાગર સૂરીશ્વરજી મ.



**પૂ. ધર્મસાગરજી મ. નો પુણ્યવંત, પરિવાર જેમાં પુણ્યશાળી આત્મા ઓ એકત્રિત થયા છે. પૂ. સાગરજી મ. ના પ્રવચન-ઉપદેશથી સંપૂર્ણ પરિવાર ને સર્વવિરતિ ના સ્વીકારનો મનોરથ જાગે છે અને એક પછી એક સંયમપંથે જઇ રહયા છે, આવો આ અંકમાં જાણીએ કે કેવી રીતે માતા પોતે તથા પોતાના સંતાનો ને સંયમ પંથે જવા તૈયાર કરે છે..!**

'દીકરી તો નાની છે પણ આને શી વાર છે?'

'બસ, દીક્ષાને યોગ્ય ઉંમર થાય એની જ રાહ જોવાય છે.'

'કેટલી ઉંમર થઇ?'

'એટલે ધર્મસાગરજીએ ગણતરી કરી, બોલ્યા છ વરસને છ મહિના થઇ ગયા છે'

'તો પછી શું વાંધો છે ગર્ભકાળના નવ મહિના ગણીને સાત વરસ પૂરાને આઠમું વર્ષ બેસી ગયું છે' ખુશીથી આપી શકાય...

એટલે ધર્મસાગરજીએ અમૃત તરફ નજર કરી થોડું હસીને બોલ્યા 'બોલ અમૃત તારે દીક્ષા લેવી છે ને?'

'હા બાપુજી મ'રાજ! મને આજે જ દીક્ષા આપી દો... બા અને બેન પછી લેશે મને આજે આપી દો પછી હું મોટો થઇશ...'

ત્યારે ધર્મસાગરજીએ પૂ.સાગરજી મ. સામે જોયું એટલે પૂજ્યશ્રી બોલ્યા...

'બોલાવો એની બાને... અને સમજાવો એને કે આ ઉંમરે દીક્ષા આપવામાં કોઇ બાધ નથી...'

'અને વાર શી...અમૃત પોતે જ દોડતો ગયો ને થોડીવારમાં લઇ આવ્યો એની બાને.'

'મત્થએણ વંદામિ... કહી હાથ જોડી વંદન કરી સંકોચ સાથે બેઠા'

'ધર્મલાભ ! આચાર્ય ભગવંતે કહ્યું'

'સાહેબ મને યાદ કરી?'

'ભગવાને ચંદનબાળા ને યાદ ન'તી કરી...'

'સાહેબ! ક્યાં ચંદનબાળા ને ક્યાં નાચીજ હું ?' આપ જેવા મહાપુરુષ મગતરી જેવી મને યાદ કરો, મારા તો નશીબ જ ઉઘડી ગયા?

'બેન ! તારી પાસે એક કોહિનુર રત્ન છે ને જિનશાસનને એનો ખપ છે'

'સાહેબ ! આપના આટલાં જ વચને મારા હૃદય મંદિરમાં આનંદનાં સેંકડો દીવા પ્રગટી ગયા ! ફરમાવો ગુરુદેવ!'

'એટલે આચાર્ય ભગવંતે મણિબહેનના ખોળામાં રહેલા અમૃત તરફ ઇશારો કરતાં આ તમારી ગોદમાં છે ને એનો અમારે ખપ છે'

'સાહેબ આપની કૃપાથી હું સમજી ગઇ છુ. અને મારે એને આપના ચરણમાં જ સોંપવાનો જ છે. પણ ગુરુદેવ હજી નાનો છે'

'ત્યાં ! તો અમૃત બોલ્યોઃના બા, હાઁ, મારી બહેન નાની છે. હું તો જો કેટલો મોટો થઇ ગયો છું. એટલે મણિબેને એને છાતી સરસો ચાંપી દીધો.' ને હાજર સૌ હસી પડ્યા...

**'બેન ! ધર્મસાગરજી સાથે અમારે વાત થઇ ગઇ કે એની ઉંમર સાડા છ વર્ષની થઇ અને બીજા નવમહિના ગણીએ એટલે આઠમાં વર્ષમાં પ્રવેશ થઇ ગયો કહેવાય... શાસ્ત્રમાં 'ગર્ભાષ્ટમ્' શબ્દ છે એટલે દીક્ષા લેવાની જે ઉંમર બતાવી છે એ ઉંમરનો તો અમૃત થઇ ગયો... કહેવાય'**

'પણ સાહેબ ! હજી બે વરસ રહેવા દો ને ?'

'ત્યાં તો અડધો ઉભો થઇ બાની હડપચી પકડી અમૃત બોલ્યો ના બા તું હા કહી દે ને ? અત્યારે દીક્ષા લઇને બહુ મોટા થવાનું મલે ! તું અત્યારે બાપુજી મહારાજને હા કહી દે ને ?'
'અમૃતની વાત સાંભળી મણિબેનની આંખોથી બોર જેવડાં બે આંસુ ટપકી પડ્યા ! તરત જ પાલવથી લૂંછી નાંખ્યા...'

'કેમ રડું આવ્યું ? દીક્ષા તો આપવાની જ છે' 'હું એટલા માટે નથી રડતી કે દીકરો દીક્ષા લે છે'
'તો પછી ?'
'હું કેવી બડભાગિની ? કેવો પરિવાર મળ્યો ? ને કેવો દીકરો મળ્યો ? આટલી નાની ઉંમરે દીક્ષાના ભાવ થયાં મને રત્નકુક્ષી બનવાનું સૌભાગ્ય મળ્યું !'
વાહ ! મણિબેન વાહ !
તો ક્યારે રાખીશું દીક્ષા ?
આપને જ્યારે ઉચિત લાગે !

અને સાગરજી મ. બોલ્યા ધર્મસાગરજી ! પાર્શ્વ પ્રભુનો દીક્ષા દિવસ એ તમારા લાડલાનો'ય દીક્ષા દિવસ !
બરાબર ને મણિબેન ! ચંદ્રસાગરજી બોલ્યા ને ફરી આંખો લૂછતા મણિબ્હેને ડોકું હલાવી સંમતિ દર્શાવી...

થોડી બીજી બધી વાતચીત થઇ... એમાં મણિબ્હેનનો થોડા સમય પછીના મુહૂર્તનો સંદેશો હતો પરંતુ ધર્મસાગરજી ની સમજાવટ મહોદય સાગરજીની પણ એજ ઇચ્છા અને અમૃત તો તૈયાર જ હતો એથી વાત અંકે સો થઇ ગઇ ને જિનશાસન દેવ કી જયનો જયઘોષ ત્યાં પડઘાયો. પૂજ્ય સાગરજી મ. જે વાસક્ષેપનો બટવો મંગાવ્યો મણિબ્હેને જ્ઞાનપૂજન કરી માથું ઝૂકાવ્યું, પૂજ્ય સાગરજી મ. જે વાસક્ષેપ કર્યો પછી પૂ. ચન્દ્રસાગરજી, ધર્મસાગરજી પણ એને અનુસર્યા અને પછી સાધુ ભગવંતો અને મણિબ્હેન દીક્ષાની તૈયારીમાં લાગી ગયા...





એ દિવસો હતા પૌષદશમીનાં અને શંખેશ્વર દાદાનું ધામ... યાત્રિકો અને ભક્તોથી તીર્થ ધામ ઉભરાવા લાગ્યું ! એમાં આ નાનકડા બાલુડાની દીક્ષાની વાતને પણ પાંખે ફૂટી ને ચારે બાજુ આશ્ચર્ય ઉત્સુકતા ને અહોભાવ પણ ઉછળવા લાગ્યો પણ આ તો વાતોની હવાને થોડા બંધન નડે એ તો સારા વયક્તિના કાનોમાં ય ઘૂસે ને નઠારા વ્યક્તિના કાનોમાં ય ઘૂસે. એક કાનમાં ખુશી અનુમોદનાના ગરબા લેવાય ને બીજા માં ઘૂં ઘૂં ની ધમાલના હાકોટા પડે.

દીક્ષાના અનુરાગી વર્ગને તો જણે ઉત્સવ આવ્યો અને વિરોધીઓના વાવટોળાનો દેકારો મચાવ્યો.

પોષ વદ 10 ગઇ અને વદી અગિયારસે સમાચાર આવ્યા. વિરોધીઓ દીક્ષાને અટકાવાં આવી રહ્યા છે.

પૂજ્ય દેવેન્દ્રસાગરજી અને દર્શન સાગરજી પૂ.સાગરજી મ. પાસે આવ્યા ને મળેલી બાતમીની વાત જુગાવી... પૂ. સાગરજી મ. સાવધાન થયાં વિરોધીઓ દેરાસરમાં આવે એ પહેલાં શાસનાનુરાગી સુશ્રાવક સેડોને કહી દેરાસરના દરવાજા બંધ કરાવી દીક્ષા ને દેરાસરમાં હાજર હતાં એમના દ્વારા શંખેશ્વર દાદાની સામે જ ત્રિગડું રચાવી દીધું ચાર ભગવાન બિરાજમાન કર્યા, ચાર દીપ પ્રગટાવ્યા. મણિબ્હેને હાથે પાંચ સાથિયા કરાવ્યા ને દીક્ષાવિધિ કરી શરૂ!

**નાનકડા અમૃતને આનંદ આનંદ છે એ તો ઉછળી ઉછળી ક્રિયા કરી રહ્યો છે ને જ્યાં મણિબેને વોરાવેલો ઓધો અપાયો ત્યાં અમૃત ઉમંગભેર નાચવા લાગ્યો... એને જોઇ મણિબેનની આંખમાંથી આનંદના આંસુના ફૂવારા ઉછળવા લાગ્યા... હવે આવ્યું મુંડણ શી રીતે કરશું ? પણ એ વિમાસણ વાયુ બની ઉડી ગઇ મુનિ ચન્દ્રસાગરજીએ પોતાનો ખલટો ખોલ્યો ને અંદરથી એક નાની કાતર કાઢીહા અમૃત નાનો તો એના વાળ ઉતારવાની કાતર પણ નાની જ હોય ને ?**

અને દાદા મહારાજની કાતર અમૃતના માથે ફરવા લાગી ઘડીકમાં મુંડણ થઇ ગયું... સાધુના વાધામાં લપટાયેલો અમૃત વળી દીક્ષાની ક્રિયામાં ઉછળવા લાગ્યો... હવે આવ્યું નવું નામ પાડવાનું મુહૂર્ત ને પૂ. સાગરજી મ. ના વરદ મુ ખેથી શબ્દો ચમકયાં... મુનિ ધર્મસાગરજી મ. ના શિષ્ય બાલમુનિ અરુણોદય સાગરજી મ. અને દેરાસરના ગભારામાં જય-જયકાર વરતાઇ ગયો.

વધુ આવતા અંકમાં



ક્રાંતિ મંગલ

# Internet & Social Media INTERESTING FACTS

**1**

## 1,800,000,000

થી વધારે Websites Internet પર છે.

## 1.7 MB

જેટલો Data Internet Per Second Generate કરે છે.

**2**

## 2 કલાક 31 મિનિટ

સામાન્ય માણસ દરરોજ Social Media પર વિતાવે છે.

## 5.45 અબજ

Internet User's All Over World માં છે.

**3**

World's Biggest Country is 'Facebook'

## 3 અબજ લોકો

## 20 કરોડ

User's માત્ર Chat GPT ના છે.

## 2.7 અબજ

કરતાં પણવધુ What's App Users છે.

## 2 અબજ મિનિટ

કરતાં પણ પધારે વોઇસ અને વિડિયો કોલ થાય છે.

**4**

## 500,000,000

એક દિવસ માં Twit થાય છે.

## 2 Zetta Bytes

Data 2010 માં સર્જાયો

## 120 Zetta Bytes

Data 2023 માં થયો.

Internet of Things (IOT) એટલે ઇન્ટરનેટ વડે કંટ્રોલ કરી શકાય તેવા ડિવાઇસ 2023 માં

**5**

**1400 કરોડ** છે.

**800 કરોડ** દુનિયાની વસ્તી.

**2500 કરોડ** 2025 માં IOT Device થશે.

1 વર્ષમાં Chat GPT નો વપરાશ જેટલી વીજળી Consume કરે એમાંથી Newzeland જેવા દેશને 3 Months વીજળી મળે નાઇજિરીયા જેવા દેશને 4 Months વીજળી મળે.





**6**

**850 કરોડ**

કરતાં વધારે ગૂગલ પર સર્ચ કરવામાં આવે છે.

**0.3 Vats**

વીજળી 1 કલાક માં Google Search માં વપરાય છે તેનાથી 10 ગણી વધુ વીજળી Chat GPT પર એક પ્રશ્ન પૂછવાથી વપરાય છે.

**7**

**2.5 Quintillion bytes Data**

એટલે 250 GB Data રોજ ઇન્ટરનેટ દ્વારા દુનિયાના લોકો Create કરે છે.

**65 Lakh Qubic**

Water Microsoft Data Center ના cooling પાછળ વપરાય છે.

**11,000**

Data Center's World માં છે. જે દુનિયાની Electricity Demad માં થી 103% જેટલી Demand ધરાવે છે.

**8**

**9.5 Cr.**

થી પણ વધુ વીડિયો ફોટો Instagram પર Share થાય છે.

**40 Minuts** થી પણ વધુ સમય દરરોજ Instagram પર લોકો વિતાવે છે.

AI પર એક પ્રશ્ન પૂછવાથી અડધો લિટર પાણી વપરાય છે.

ટેક્નોલોજીની સોહામણી માયાજાળમાં ભ્રમજાળમાં ફસાયેલી માનવજાતને એની પાછળ જે બિહામણું છળ છે. એને જોતાં ભવિષ્ય ભયાવહ અને વર્તમાન પણ ભયંકર થતું દેખાય છે. આ તોફાન પ્રકૃતિના પર્યાવરણમાં જે વિનાશ વેરશે અને સંસ્કૃતિના સંસ્કારમાં વિકાર વકરાવશે એનો આછો પાતળો ખ્યાલ 'શ્રી' પરિવાર ની યુવા ટીમ તમને આપવા પ્રયત્ન કરી રહી છે.

सोचो जरा हटके,
जियो जरा आँख खोलके...

Join **SHRI**
Whatsapp Group

# જયાં જયાં પગલાં તમારાં પડયાં

## આદર્શ એકતાનો, જય-જયકાર ધર્મનો...



- સુરતના સર્વ શ્વે.મૂ.તપા. સંઘોની 'એક શહેર એક રથયાત્રા' ના સૂત્રને સાર્થક કરતી ભવ્ય જાજરમાન અપૂર્વ રથયાત્રા
- પર્યુષણના વાર્ષિક કર્તવ્ય રૂપ શ્રી ચૈત્ય પરિપાટી નું વિભિન્ન સંઘો, સમાજ દ્વારા આયોજન
- સમસ્ત વેસુ સંઘ
- શ્રી ધાણધાર વીસા ઓસવાળ જૈન સમાજ
- ગઢ સમાજ (મહાવીર મિત્ર મંડળ)
- શ્રી હરિપુરા જૈન સંઘ
- શ્રી લબ્ધિભૂમિ જૈન સંઘ (વેસુ)

---

- પ્રવચન માળા માં પૂજ્યશ્રીનું પદાર્પણ શ્રી અઠવાલાઇન્સ જૈન સંઘ
- શ્રી બાબુ નિવાસ ગલી જૈન સંઘ

---

- જિનશાસન માટે કાર્ય કરતા ઉર્જાવાન યુવાનો નું વંદનાર્થ, મિલન માટે આગમન
- શ્રી નવકાર પરિવાર ચારકોપ
- શ્રી નવકાર પરિવાર - ઇન્દૌર
- 'શ્રી' પરિવાર ભારત

- શ્રી સાડત્રીસી સમાજ - સુરત ની વિનંતિથી પૂજ્યશ્રીનું પદાર્પણ

  પૂજ્યશ્રીના પ્રવચન થી સમાજ ના યુવાનો બાળકો માં ધર્મ પ્રત્યે જાગૃતિ વધી...

- ભગવાન મહાવીરના 2550 માં નિર્વાણ કલ્યાણકના અવસરે સુરતમાં બિરાજમાન શ્રમણ-શ્રમણી ભગવંતોનું શ્રી નેમચંદ મેલાપચંદ વાડીના ઉપાશ્રયમાં સ્નેહ મિલન યોજાયું...

  આ મિલન માં નિર્વાણ કલ્યાણકની ઉજવણી, શાસન ના, સંઘના, સમાજના પ્રશ્નો પર ચિંતન થયું...

---

- **ગૃહાંગણે પદાર્પણ**
- શ્રી કીર્તિભાઇ વારૈયા ના ગૃહાંગણે પૂજ્યશ્રી સામૈયા સહ પધાર્યા... પ્રવચન, નવકારશી નું આયોજન થયું.
- ચાણસ્મા નિવાસ ગુરુભક્ત શ્રી મિતેશભાઇ ના ગૃહાંગણે પૂજ્યશ્રી પધાર્યા.
- બે-બે પુત્રરત્નોને શાસન ને સમર્પિત કરનાર સુશ્રાવક રોનક ભાઇના ગૃહાંગણે પૂજ્યશ્રી પધાર્યા પ્રવચન, નવકારશી નું આયોજન થયું.




## મંગલ-નવકારના વાચક-પરિવારે

**આટલું તો વાંચવું જ પડશે...**
**આટલં તો કરવું જ પડશે...**

આપશ્રી ને ત્યાં મંગલ-નવકાર મળવા બાબતે ફરિયાદ હોય તો,

1. મંગલ-નવકાર ન મળતું હોય
2. અનિયમિત મળતું હોય
3. એક થી વધુ મળતું હોય
4. સરનામુ બદલાયું હો, બદલવાનું હોય
5. મંગલ-નવકારના નવા ગ્રાહક થવાનું હોય
6. મંગલ-નવકાર ની આવશ્યકતા ન હોય તો
7. મંગલ નવકારનું આપનું હાલનું સરનામુ, ફોન નં., ગ્રાહક નંબર લખીને મોકલશો...

ફરિયાદ નો પ્રકાર પણ સાથે લખી મોકલ શો. આ આવનાર ત્રણ મહિનામાં આપ આ કાર્ય અવશ્ય કરી લેશો... જેથી વ્યવસ્થા યોગ્ય રીતુ થઇ શકે... જેથી સમય-સંપત્તિ નો સદ્વ્યય થઇ શકે... ફરિયાદ આ ઇ-મેલ એડ્રેસ પર મોકલો.

ayodhyapuramtirth@gmail.com

- સિદ્ધિતપના પારણા નિમિત્તે ભાવિનભાઇ શાહ ના ગૃહાંગણે પૂજ્યશ્રી પધાર્યા.

---


- પૂ.આ. શ્રી અશોકસાગર સૂરીશ્વરજી મ. ની નિશ્રા માં સંઘવી દિનેશચંદ વરધીલાલ વડેચા પરિવાર (સમી) આયોજિત સિદ્ધગિરિ રાજની 99 યાત્રા પ્રસંગ ની પત્રિકા લેખન નું અદ્ભુત અનુષ્ઠાન પૂજ્યશ્રીની નિશ્રા માં થયું.
- સાગર સમુદાયના પૂ.સા. ભાવરત્નાશ્રીજી મ. ના શિષ્યરત્ના સા. શ્રી સંવેગરત્નાશ્રીજી મ. ને પૂજ્યશ્રી દ્વારા 98 મી ઓળી નું પચ્ચક્ખાણ અપાયું.
- પૂ. સંઘ સ્થવિર શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મ. અને પૂ. સંઘ સ્થવિર શ્રી દૌલતસાગર સૂરીશ્વરજી મ. ની પુણ્યતિથિ અને જન્મ તિથિ નિમિત્તે ગુણાનુવાદ સભાનું આયોજન થયું. આ અવસરે સામૂહિક આયંબિલ પણ સારી સંખ્યામાં આરાધકોએ કર્યા.
- આ.સુ. 5 ના શુભ દિને સમ્યગ્દૃષ્ટિ, એકાવતારી, તપાગચ્છાધિષ્ઠાયક શ્રી માણિભદ્ર અવતરણ અનુષ્ઠાન અદ્ભુત રીતે સંપન્ન થયું. આ અનુષ્ઠાનને વિધિકારક શ્રી નિખિલભાઇ સંઘવી તથા સંગીતકાર શ્રી નિલેશભાઇ રાણાવતે વધુ સમૃદ્ધ બનાવ્યું.
- બંધુ બેલડી પૂ.આ. શ્રી જિનચન્દ્ર સાગર સૂરીશ્વરજી મહારાજા ના 73માં જન્મ દિને શ્રી વીર શાસન સેવા ગ્રુપ દ્વારા શ્રી પાર્શ્વ પંચકલ્યાણક પૂજા સંગીત સાથે ભણાવાઇ.
- આ.સુ. 11 થી ભવ્ય ઉપધાન તપનો પ્રારંભ થયો.

વધુ અહેવાલ આવતા અંકે...



# દીર્ઘ દૃષ્ટા પૂજ્ય આગમોદ્ધારક શ્રી

- પૂ. ગણિવર્ય શ્રી તારકચન્દ્રસાગરજી મ.સા.



'સાહેબજી ! કર્ણના અવતાર જેવા ઉદારદિલ આ શ્રાવક એટલા તો હોશિયાર છે કે, એક તરફ રાષ્ટ્ર ભક્તિ માટે ક્રાંતિકારીઓ ને દેશની આઝાદી માટે ભરપૂર ધન ખાનગી રીતે આપે અને બીજી તરફ તેઓ લોર્ડ વિલિંગડોન જેવા અનેક મોટા-મોટા અંગ્રેજ અમલદારો સાથે ઘનિષ્ઠ સંબંધ રાખે જેથી લોકો તેમને 'સર કીકાભાઇ' કરી બોલાવે છે. જૈન સંઘ માટે પણ વર્ષે દહાડે હજારો લાખો રૂપિયાનું દાન કરે છે. આપની સાથે પરિચય થવાથી શાસનને બહુ લાભ થશે !'

શ્રાવકોની વાતનો પૂજ્યશ્રીએ ઉચિત પ્રત્યુત્તર આપી તેઓને વિદાય કર્યા અને પોતાના કાર્યો માં લાગી ગયા.

કાર્તિક પુનમના પવિત્ર દિવસે પૂજ્યશ્રીએ વાજતે ગાજતે સર કીકાભાઇ પ્રેમચંદની હવેલી પર ચાતુર્માસ પરિવર્તન કર્યું.

**હવેલીના વિશાળ પટાંગણમાં મંડપ નીચે પૂજ્યશ્રીનું પ્રવચન શરૂ થયું. માતા રાજાબાઇ, સર કીકાભાઇ તથા તેમના વિશાળ પરિવાર સાથે હજારોની જનમેદની ઉપસ્થિત હતી. પૂજ્યશ્રીના મુખમાંથી અસ્ખલિત વાણી-પ્રવાહ નીકળતો હતો. કીકાભાઇએ જીવનમાં પ્રથમવાર હૃદયના તારને ઝણઝણાવી દે તેવો અદ્‌ભૂત વાણી પ્રવાહ જોયો હતો. મંત્રમુગ્ધ બની તેઓ સાંભળતા હતાં.**

અચાનક અડધા પ્રવચને તેઓ ઉભા થયાં. પ્રવચન ચાલુ હતું. ચાલુ પ્રવચને તેઓ સભા છોડી ચાલ્યાં ગયા. આ રીતે અડધાં પ્રવચને ઊભા થઇ ચાલ્યા જવું એ પ્રવચન નો પૂજ્ય ગુરુ ભગવંતનો મોટો 'અવિનય' હતો. લોકો તેમની સામે જોતા રહ્યાં. અંદર-અંદર સહેજ ગણગણાટ થયો. કીકાભાઇએ ગુરુભગવંતનો જાણે મોટો અપરાધ કર્યો ન હોય તે નજર થી લોકો જોવા લાગ્યા માતા રાજાબાઇએ મર્યાદાપૂર્વક પુત્ર ને ઇશારાથી બેસવા જણાવ્યું. પણ, કીકાભાઇ કોઇને'ય ગણકાર્યા વિના ત્યાંથી ચાલ્યા ગયા.

જોકે, પૂજ્યશ્રીને આ ઘટનાથી કોઇ અસર ન હતી તેઓએ પોતાનો વાણી પ્રવાહ એ જ રીતે ચાલુ રાખી પ્રવચન પૂર્ણ કર્યું છેલ્લે વાસક્ષેપાદિ કરી સહુ પ્રવચનની અનુમોદના કરતાં-કરતાં વિખરાયા. સમભાવધારક પૂજ્યશ્રીએ આ ઘટનાનો પ્રવચન બાદ કોઇ ઉલ્લેખ ન કર્યો.

બપોરે ત્રણ વાગ્યા આસપાસ પૂજયશ્રી આગમના પ્રુફ સંશોધનનું કાર્ય કરતા હતા. એ સમયે સર કીકાભાઇ આવ્યા. પૂજ્યશ્રીના ચરણોમાં મસ્તક મૂકી ચોધાર આંસુએ રડવા લાગ્યા. પૂજ્યશ્રીએ પોતાનો પ્રેમાળ હાથ તેમના મસ્તકે ફેરવ્યો. થોડી વારે શાંત થઇ તેઓએ કહ્યું,

'ગુરુદેવ...! હું આપનો અપરાધી છું મેં આજે ભરસભામાં વચ્ચેથી ઉભાથઇ આપની અને પ્રવચનની ઘોર આશાતના કરી છે. આપ મને માફ કરો. આપ ઉદાર છો, ધીર છો, ગંભીર છો. મારા આ અક્ષમ્ય અપરાધ ને માફ કરો !'

'કાંઇ વાંધો નહિ કીકાભાઇ ! તમારો અપરાધ તમને ખટકે છે માટે તેનું પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધિ થઇ શકશે પણ તમે એ તો બતાવો કે સભાછોડી તમે વચ્ચેથી જતાં કેમ રહ્યા ?'

**સાહેબજી ! હું અત્યંત પાપી-પામર જીવ છું. આજ સુધી મેં જીવનમાં ઘણાં પાપો કર્યો છે. આપનું હૃદયસ્પર્શી પ્રવચન સાંભળતાં-સાભળતાં મને મારા પાપો યાદ આવ્યા. પશ્ચાતાપ થયો. ઘોર પાપાચરણ કર્યુ અંતરાત્માની એ વેદના આંસુથી બહાર નીકળવા લાગી. હું મારી જાતને રોકી ન શકયો. સભામાં બેસી બધાની વચ્ચે આંસુ આવે તે ઉચિત ન કહેવાય. માટે ઉભો થઇ જતો રહયો. મારા કક્ષમાં ડીબકા ભરી રડયો પછી થોડી રાહત થઇ. મારો અપરાધ માફ કરી મને તેનું પ્રાયશ્ચિત્ત આપો ગુરુદેવ !**

બહુશ્રુતધર, જ્ઞાનીપૂજ્ય આગમોદ્ધારક શ્રી કીકાભાઇની સત્યનિષ્ઠ વાણી દ્વારા તેમના અંતરાત્માને ઓળખી ગયા.

ભવિષ્ય માં આ વ્યક્તિ દ્વારા મોટી શાસન પ્રભાવના થશે તેવો તેમને ભાસ થયો. કીકાભાઇની ભાવનાથી પ્રેરાઇને તેમની જીવનશુદ્ધિ માટે પૂજ્યશ્રીએ બે નિયમ આપ્યા :-

1) હવેલીમાં ઘર દેરાસર બંધાવો.

2) મને ભવિષ્ય માં સંયમ મળે - આ ભાવનાથી રોજ એક સામાયિક કરવું.

કીકાભાઇએ બંને નિયમ સહર્ષ સ્વીકાર્યા પૂજ્યશ્રી એ વાસક્ષેપ દ્વારા આશીષ આપતાં કહયું,

જુઓ કીકાભાઇ ! મને ખ્યાલ છેકે તમારે મોટા મોટા અંગ્રેજ અમલદારો સાથે ઘનિષ્ઠ સંબંધ છે. ક્યારેક એ લોકો તમારી હવેલી પર પણ હશે હમણાં સુધી તેમની આગતા-સ્વાગતામાં તમે તેઓને જેપણ ખવડાવ્યું, પીવડાવ્યું હોય તે જવાદો પણ ઘર-દેરાસર બન્યા બાદ જિનશાસન ને માન્ય ન હોય તેવો એક પણ પદાર્થ તમારી હવેલી પર આવી નહી શકે.'

'મને મંજુર છે ગુરુદેવ !' કહી કીકાભાઇએ પૂજ્યશ્રીના ચરણોમાં મસ્તક નમાવી તેઓની પ્રેરણાનો સ્વીકાર કર્યો.

**આ ઘટનાથી માતા રાજાબાઇ અત્યંત ખુશ થયા. બીજા દિવસે વિહાર સમયે તેઓએ પૂજ્યશ્રીને કહયું 'ગુરુદેવ ! આપનો ઉપકાર હું ભવોભવ માનીશ ! પાપાચાર-પાપવ્યાપાર વાળી મારી હવેલીમાં જિનાલયની પ્રેરણા કરી આપે તેને પુણ્યવંતી બનાવી છે આપને ખૂબ-ખૂબ ઉપકાર પૂજ્યશ્રીએ ત્યાર બાદ વિહાર કર્યો. સમયાંતરે કોઇ અગમ્ય કારણોસર એ આખો પ્રદેશ લશકર ને સોંપી દેવાયો. લશ્કરની રહેવા જમવાની વ્યવસ્થા માટે પોતાનો આવાસ આપવો તે સરકારી કાયદો હતો એ પ્રદેશના બધા જ મોટા-મોટા સ્થાનો માં લશકરના સૈનિકો ગોઠવાઇ ગયા. એ લોકોના ભોજનાદિની વ્યવસ્થા પણ મકાન માલિકે કરવાની હતી. સર કીકાભાઇની હવેલીનો કબજો લેવા લશકરના કમાંડર આવ્યા. શેઠે સ્વાગત કરી સર્વપ્રથમ ઘર દેરાસરના દર્શન કરાવ્યા. નયન રમ્ય પ્રતિમા જોઇ કમાન્ડરના ભાવો બદલાઇ ગયા.'**

દર્શન કર્યા બાદ બંગલો ખતાવવા લઇ જતાં હતાં. ત્યાં કમાન્ડરે કહયું,

'સર ! અમે તમારી હવેલીમાં લશકરના સૈનિકો ને મોકલી શકશું નહિ !'

'કેમ ? કીકાભાઇએ પૂછયું'

'કારણ કે, આ ધાર્મિક સ્થાન છે, મંદિર છે અને સરકારી કાયદો છે કે કોઇ પણ ધાર્મિક-સ્થાનનો કબજો લશકરી-અમલદારો ન લઇ શકે ! અમે હમણાં પાછા જઇએ છીએ પછી ક્યારેક આવીશું' કહી કમાંડર પાછા જતાં રહ્યાં.

એ દિવસે કીકાભાઇએ પૂ. ગુરુદેવનો ખૂબ-ખૂબ ઉપકાર માન્યો. મનોમન તેઓએ કહયું, આ સૈનિકો અમારી હવેલી પર ઉતર્યા હોત તો અમાને તેઓને દારૂ-માંસ વિ. બધું જ આપવું પડત ! અને જો આમાં વિરોધ કરીએ તો તેઓ સજા કરે ! આપની ગૃહ જિનાલય બનાવવાની પ્રેરણાએ મને બહુ મોટા પાપથી બચાવ્યો. આપ અંતરજ્ઞાની છો ગુરુદેવ ! મારી આસપાસના તમામ બંગલાઓ લશકરી છાવણીમાં ફેરવાયા છે ત્યાં માંસ-મદિરાની મિજબાની થતી હશે ! હું બચી ગયો તે આપની જ કૃપા છે ગુરુદેવ !

'પ્રિય વાચકો ! સર કીકાભાઇએ ત્યાર બાદ જીવનપર્યંત પૂજ્ય આગમોદ્ધારકશ્રીનો ગુરુ તરીકે સ્વીકાર કર્યો અને તેમની દરેક પ્રેરણા દ્વારા શાસન-પ્રભાવનાના અનેક કાર્યો કીકાભાઇએ કર્યા.'

■




# क्या कभी Media ने आपको यह बताया है...!

सत्य-मंगल

- nestle कंपनी खुद मानती है कि वे अपनी चाकलेट **kitkat** में बछड़े के मांस का रस मिलाती है।

- मद्रास high court में **fair and lovely** कंपनी पर जब case किया गया था, तब कंपनी ने खुद माना कि हम cream में सूअर की चर्बी का तेल मिलाते है।

- **vicks** नाम की दवा यूरोप के कितने देशों में banned है। उन देशों में इसे जहर घोषित किया गया है, लेकिन भारत में दिनभर TV पर इसका विज्ञापन आता है ।

- **life boy** न तो bath soap है, न ही toilet soap। यह जानवरों को नहलाने वाला carbolic soap है। यूरोप मे life boy से कुत्ते नहाते हैं और भारत में 9 करोड़ लोग इससे रगड़-रगड़ कर रोज नहाते हैं ।

- **Coke/Pepsi** सच में toilet cleaner है और ये साबित हो गया है । इसमें 21 तरह के अलग-अलग जहर है। और तो और संसद की कैण्टीन में Coke Pepsi's बेचना मना है। पर पूरे देश में बिक रही है।अमिताभ बच्चन का जब आपरेशन हुआ और 10 घंटे चला था, तब डाक्टर ने उसकी बड़ी आंत काटकर निकाली और डाक्टर ने कहा यह Coke Pepsi पीने के कारण सड़ी है। अगले ही दिन से अमिताभ बच्चन ने इसका विज्ञापन करना बंद कर दिया था।

- health tonic बेचने वाली विदेशी कंपनियाँ **Boost, Complan, Horlics, Maltova, Protinex** बनाती हैं। इन सभी प्रोडक्ट्स का Delhi के all india institute (भारत की सबसे बड़ी लैब) ने test किया और पता लगा कि यह सिर्फ मुंगफली की खली से बनते है। मतलब मूँगफली का तेल निकालने के बाद जो उसका waste बचता है, जिसे गाँव में जानवर खाते है। उससे यह कंपनियाँ health tonic बनाती हैं।

- पिज्जा बेचनेवाली कंपनियाँ "Pizza Hut, Dominos, KFC, McDonalds, Pizza Corner, Papa John's Pizza, California Pizza Kitchen, Sal's Pizza" अमेरिका की है। **पिज्जा** में टेस्ट लाने के लिये E-631 flavour Enhancer नाम का तत्व मिलाया जाता है। वो सुअर के मांस से बनता है।आप चाहे तो Wikipedia और गुगल पर देख सकते है।

**सावधान मित्रों !**

अगर आप खाने-पीने की चीजों के पैकेटों पर 'E 322 - गाय का मांस, E 422 - एल्कोहल तत्व, E 442 - एल्कोहल तत्व और केमिकल, E 471 - गाय का मांस और एल्कोहल तत्व, E 476 - अल्कोहल तत्व, E 481 - गाय और सुअर के मास का संगटक, E 627 - घातक केमिकल, E 472 - गाय + सुअर + बकरी के मिक्स मांस के संगटक, E 631 - सुअर की चर्बी का तेल लिखे हैं तो उसमें यह चीजें मिली हुई है । उक्त सभी कोड आपको ज्यादातर विदेशी कंपनियों के उत्पादन आदि में दिखेगे । मैगी के पैक पे ingredient में देखें , flavor (E-635) लिखा मिलेगा। आप चाहे तो google पर E100, E110, E120, E140, E141, E153, E210, E213, E214, E216, E234, E252, E270, E280, E325, E326, E327, E334, E335, E336, E337, E422, E430, E431, E432, E433, E434, E435, E436, E440, E470, E471, E472, E473, E474, E475, E476, E477, E478, E481, E482, E483, E491, E492, E493, E494, E495, E542, E570, E572, E631, E635, E904 इन सब नम्बर्स को देख सकते हैं ।

भारत के 135 करोड़ लोगों में से सिर्फ 10% लोग प्रतिदिन 10 रुपए का फलों का रस पीएं तो महीने भर में होता है लगभग "3600 करोड़" जो देश में ही रहेगा । अगर आप... कोका कोला या पेप्सी पीते हैं तो ये "3600 करोड़ " रुपये देश के बाहर चले जायेंगे । कोका कोला, पेप्सी जैसी कंपनियाँ जहरीला पानी पिलाकर प्रतिदिन "7000 करोड़" से ज्यादा लूट लेती हैं । आप गन्ने का जूस, नारियल पानी, आम, फलों के रस आदि को अपनायें और देश का "7000 करोड़" रूपये बचाकर हमारे किसानों को दें,जिससे हमारे किसान आत्महत्या नहीं करेंगे तथा आप अपनी सेहत भी ठीक रखे । फलों के रस के धंधे से "1 करोड़" लोगों को रोजगार मिलेगा और 10 रूपये के रस का गिलास 5 रूपये में ही मिलेगा...। स्वदेशी अपनाओ, राष्ट्र को शक्तिशाली बनाओ..।

80% लोगों ने इसे इस्तेमाल करना बंद कर दिया है। इनकी आधे से ज्यादा ब्रांच बंद हो चुकी है। इसी लिए इन कंपनी के मार्केट भाव भी गिर गए हैं ।

**- डॉ गजेन्द्र व्यास**











# પાવન પધરામણી

..... પાવન નિશ્રા .....

બંધુ બેલડી ગુરુદેવ

પૂ.આ. **શ્રી જિન-હેમચન્દ્રસાગર સૂરીશ્વરજી** મ.સા.

આદિ શ્રમણ-શ્રમણી વૃંદ

..... નિમંત્રક .....

**મીનાક્ષીબેન રસીકલાલ શાહ પરિવાર**





ભારતભરના જૈન સંઘો માટે આદર્શ
અહોભાવ સ્વરૂપ સુરતના સકલ સંઘોની

# સામૂહિક ભવ્ય રથયાત્રા

::::: એક શહેર-એક રથયાત્રા :::::







➜ 80 થી વધુ સંઘો ➜ 12 થી વધુ રજતમય રથ ➜ 20,000 થી વધુ જનસમૂહ ➜ 150 થી વધુ શ્રમણ-શ્રમણીવૃંદ





સમ્મદિટ્ઠિ દેવા દિંતુ સમાહિં ચ બોહિં ચ

સમ્યગ્દૃષ્ટિ, એકાવતારી, તપાગચ્છાધિષ્ઠાયક

# શ્રી માણિભદ્ર અવતરણ અનુષ્ઠાન


WATCH VIDEO

વિધિકારક
સંઘવી
શ્રી નિખિલભાઈ

સંગીતકાર
શ્રી નિલેશ
રાણાવત.







ગિરનાર તીર્થોદ્ધારક

**પૂ.આ. શ્રી નીતિ સૂરીશ્વરજી મ.** ના સમુદાયવર્તી,

નિકટભવ મોક્ષગામી, સરળ સ્વભાવી, ગચ્છાધિપતિ

પૂ.આ. **શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.** ની

સુરતના શ્રીસંઘો દ્વારા સામૂહિક

# અશ્રુભીની ગુણાનુવાદ સભા



શ્રુત સૌજન્ય : **મનોરીબાઇ કંવરલાલજી વૈદ્ય** (ફલૌદી), **સરલાબેન પારસમલજી વૈદ્ય** હાલ (ચૈન્નાઇ)

પ્રતિ :


: મુખ્ય સંપર્ક અને સંપાદક :

**જસવંતભાઇ શાહ**

1350, ખીજડાવાળો વાસ, મીઠાખળીગામ,
એલિસબ્રિજ, અમદાવાદ - 380 006, મો. 9429524113



RNP is GUJGUJ/2014/56368, Registered Under Postal Registration No. AHD-C/31/2024-26,
Published on 16th of every month and posted on 16th every month valid up to 31st December-2026
issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO.

Printed, Published and Owned by **JASHVANTBHAI SAKARCHAND SHAH** and Printed at **Print Vision Private Limited**, 'Print Vision House' Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad-380006 and Published from 1350, Khijadovalo Vas, Mithakhali, Ellisbridge Ahmedabad-380006. Editor- **JASHVANTBHAI SAKARCHAND SHAH**